# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

## વર્ષ:૨૦૨૪-૨૫ના આકારણી રજીસ્ટર પ્રસિધ્ધ

## કરવાની જાહેર નોટીસ

વડોદરા મહાનગરપાલિકા માં આવેલ ઉત્તર /દક્ષિણ/પૂર્વ અને પશ્ચિમ ઝોન હદ વિસ્તારમાં આવેલી તમામ રહેણાંક, બીન રહેણાંક, ઔધોગીક એકમો સહીતની તમામ મિલકતોના સને ૨૦૨૪-૨૫ના વર્ષનાં આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ ‘ક’ ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબ નીચે જણાવેલ વિગત મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિ મુજબ મિલકતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુએઝ ટેક્ષ, ફાયર ટેક્ષ , સફાઇ ચાર્જ અને એન્વા.ઇમ્પ્રુવમેન્ટ ચાર્જ વિગેરેની વિગતો દર્શાવતા તમામ ઝોન વિસ્તાર નાં હદ વિસ્તારમાં આવેલી રહેણાંક, બીનરહેણાંક અને ઔધોગિક એકમોની તમામ મિલક્તોનાં સને ૨૦૨૪-૨૫નાં વર્ષના આકારણી રજીસ્ટર નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ રજિસ્ટર માં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીનાં કામકાજનાં દિવસોમાં સવારનાં ૧૦.૩૦ થી બપોર નાં ૧.૦૦ તથા બપોર નાં ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે. આકારણી રજિસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં ( સંબંધિત વહીવટી વોર્ડ ની કચેરીમાં જે તે વોર્ડ ના આકારણી રજિસ્ટર પ્રસિધ્ધ થયા તારીખથી તેની સામે દર્શાવેલ વાંધા અરજી કરવાની નીચે જણાવેલ તારીખની મુદતમાં ) આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવાના રહેશે.

| અનું ક્રમ નં. | ઝોન | વોર્ડ | આકારણી રજિસ્ટર પ્રસિધ્ધ કર્યા તારિખ | વાંધા અરજી કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| ૧ | દક્ષિણ ઝોન | ૧૬,૧૭,૧૮ અને ૧૯ | ૧૬-૧૧-૨૦૨૪ | ૩૦-૧૧-૨૦૨૪ |
| ૨ | પશ્ચિમ ઝોન | ૮,૯,૧૦,૧૧ અને ૧૨ | ૨૫-૧૧-૨૦૨૪ | ૯-૧૨-૨૦૨૪ |
| ૩ | ઉત્તર ઝોન | ૧,૨,૩,૭ અને ૧૩ | ૩૦-૧૧-૨૦૨૪ | ૧૬-૧૨-૨૦૨૪ |
| ૪ | પૂર્વ ઝોન | ૪,૫,૬,૧૪ અને ૧૫ | ૦૬-૧૨-૨૦૨૪ | ૨૦-૧૨-૨૦૨૪ |

વાંધા અરજી અંગેનું ફોર્મ નિયત કિંમતે થી વોર્ડ કચેરી ખાતેથી મળી શકશે તેમજ અરજદાર સાદા કાગળ પર પણ વાંધા અરજી કરી શકશે.

સદર જાહેરાત સબંધિત વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા કચેરી નાં કામકાજ નાં સમયમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે.

**પી.આર.ઓ.નં. ૭૧૮/૨૦૨૪-૨૫** **મ્યુનિસિપલ કમિશનર**